ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૭-૧૧-૨૦૨૪**

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનને સંબોધન કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રીશ્રી મુકુલ વાસનીકજીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ સમગ્ર દેશ માટે ન્યાયની લડાઈ લડી રહ્યાં છે. મહારાષ્ટ્રના નાગપુરમાં શ્રી રાહુલ ગાંધી આવ્યા હતાં તે સંવિધાન સન્માન સંમેલન માટે આવ્યા હતા. આજે આપણે અહીંયા એકત્રીત થયા છીએ તે એક તરફથી તે સંવિધાનની રક્ષા માટે ભેગા થયા છીએ. હિન્દુસ્તાન આઝાદ થવાનું જ હતું પણ ભારતની આઝાદી હવે થશે. આ સામે દેખાય છે. ભારતના સંવિધાન સભાની ચૂંટણી થઈ કોંગ્રેસના લોકો પુરા દેશમાં જીત્યા અને નાની નાની પાર્ટીઓથી કોઈ લોકો જીત્યા, શિડ્યુલ ફેડરેશન થી બાબા સાહેબ આંબેડકર ભારતના સંવિધાન સભામાં પહોંચ્યા તા. ૨૬/૧૧/૪૬ સંવિધાન સભાનું કામ પુરુ થયું. ૧૩/૧૨/૪૬ થી સંવિધાન સભાના ઉદેશ્યનો પ્રસ્તાવ જવાહરલાલ નહેરુજીએ રાખેલો, ૨૯/૮/૪૭ આઝાદ ભારતમાં સરકારની ઈચ્છા વગર કોઈપણ અધિકારી ગેરવર્તણુક કરી શકે નહીં. ધારાસભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીનું અપમાન કરનાર સરકારના ઈશારે નાચતી કઠપુતળીઓ છે. કોંગ્રેસ પક્ષની સરકારે રોજગારનો અધિકાર, શિક્ષણનો અધિકાર, આરોગ્યનો અધિકાર, અન્ન સુરક્ષા અધિકાર, જંગલના જમીનનો અધિકાર, માહિતી અધિકાર સહિત દેશના કરોડો લોકોના જીવનમાં બદલાવ માટે કામ કર્યું, જે આજે જનતા અનુભવી રહી છે બીજી બાજુ ભાજપ સરકાર જનતાના અધિકાર છીનવી રહી છે.

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અગાઉની કોંગ્રેસની સરકારોમાં તમામ વર્ગનું પ્રતિનિધિત્વ હતું. ભાજપની માનસિકતા જનતા વિરોધી છે. એક આદિવાસીનો દીકરો ઝૂંપડામાં બેસીને બાણવિદ્યાની પ્રેક્ટીસ કરે એ કૌરવો - પાંડવો કરતા પણ હોંશિયાર બને અને ભસતા કૂતરાનું મોઢું બંધ કરી કૌરવોના દીકરાઓનો વધ કરશે એવા ડરથી દ્રોણાચાર્યે એકલવ્યને અંગુઠો ગુરુદક્ષિણામાં માંગી લીધો હતો એ જ અત્યારે ભાજપમાં છે, જેમને અત્યારે એકલવ્યો ગમતા નથી. અગાઉની કોંગ્રેસની સરકારમાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ રહેતું. દલિત સમાજના નેતાઓ વિશેષ રીતે સન્માનિત રહેતા હતા. નરસિંહભાઈ મકવાણા હોય, યોગેન્દ્રભાઈ મકવાણા હોય, મનુભાઈ પરમાર હોય, દોલતભાઈ પરમાર હોય, આ દલિત સમાજમાંથી આવતા નેતાઓ રાજ્યની નીતિ નક્કી કરવા માટે વાત કરતા હતા. એમનો અવાજ સંભળાતો હતો. રામ શબરીના એઠા બોર ખાઈ શકે પણ આજે આવુ ક્યાંય દેખાતુ નથી. ભાજપ વાળા દલિતના હાથનું પાણી પણ નથી પી શકતા. એ હકીકત છે. દલિત ખેતમજદુરને ખેડૂત બનાવવાનું કામ કોંગ્રેસની સરકારે કર્યું છે. ભાજપ ગૌચરની જમીનો ઉદ્યોગપતિઓને આપી શકે છે પરંતુ દલિત ખેતમજદુરને સાંથણીની જમીન આપી શકતી નથી. કોંગ્રેસના ઉમેદવાર શ્રી ગુલાબસિંહ રાજપૂતને વિજયી બનાવવા આહવાન કર્યું હતું.

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનને સંબોધન કરતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર જનતાને સતત અન્યાય કરી રહી છે. લોકોના હક્ક-અધિકાર પર તરાપ મારવાનું કામ કરી રહ્યું છે. કોંગ્રેસ પક્ષ હંમેશા દલિત, આદિવાસી, બક્ષીપંચ સહિત શોષીત પીડીત સમાજના ન્યાય માટે લડતુ રહ્યું છે અને આગામી સમયમાં પણ લડાઈ લડતી રહેશે ત્યારે સર્વે સમાજ ભેગા થઈને કોંગ્રેસ પક્ષના ઉમેદવારને જીતાડવા માટે આહવાન કર્યું હતું.

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, ભાજપ-આર.એસ.એસ. સૌથી વધુ નફરતનું રાજકારણ કરે છે. ભાજપ-આર.એસ.એસ. સૌથી સંવિધાનને નફરત કરે છે. ભાજપ-આર.એસ.એસ. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચને સૌથી વધુ નુકસાન કરવાની નિતિ અપનાવી રહી છે. વાવ વિધાનસભામાં મજબૂતિથી કોંગ્રેસ તરફી મતદાન કરીને વાવ વિધાનસભામાં કોંગ્રેસના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતને જીતાડવા અપીલ કરું છું.

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનને સંબોધન કરતાં સાંસદશ્રી ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, પશુ પણ આપણે જોઈને ખરીદતા હોઈએ છીએ ત્યારે ત્રણ લાખ લોકોના પ્રતિનિધિને ચૂંટવાનો હોય ત્યારે તેનો વ્યવહાર કેવો છે ? તે જોવો જોઈએ. ક્યાંય પણ દલિત સમાજને અન્યાય થશે ત્યાં કોંગ્રેસ પક્ષ ઢાલ બનીને કામ કરશે તેવી બાંહેધરી આપતાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારને ભારે બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી.

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનને સંબોધન કરતાં એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી સુહાશીની યાદવે જણાવ્યું હતું કે, વાવ વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારને જીતાડીને ભાજપના અહંકારને હરાવવાનો છે. ભાજપાના અન્યાયી શાસન સામે પંજાના નિશાન ઉપર ભારે મતદાન કરીને કોંગ્રેસ પક્ષના ઉમેદવારને જીતાડવા અપીલ કરું છું.

બનાસકાંઠા જીલ્લાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી ગુલાબસિંહ રાજપુતના સમર્થનમાં યોજાયેલ સંમેલનમાં ધારાસભ્ય સર્વશ્રી કાંતિભાઈ ખરાડી, અમૃતજી ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી રઘુભાઈ દેસાઈ, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી ચંદનજી ઠાકોર, બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ વાઘેલા, એસ.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ ગઢવી, એન.એસ.યુ.આઈ. પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી, જીલ્લાના આગેવાનશ્રી ઠાકરસીભાઈ રબારી, શ્રી કે.પી. ગઢવી સહિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં અને કોંગ્રેસ પક્ષને વિજય બનાવવા માટે ભારે જોમજુસ્સા સાથે આહવાન કર્યું હતું.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

**નોંધઃ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.**